# શાકભાજી, કઠોળ અને મસાલા મોંઘા થતા રસોડાના બજેટ ખોરવાયા

## રસોઈની તમામ સામગ્રી મોંઘી થતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું, ભોજનની થાળીમાં ઘટતી જતી વાનગીઓ

ગાંધીનગર, તા.૬

વાતાવરણમાં આવતુ અવારનવાર પરિવર્તન કૃષિપેદાશોને દિન પ્રતિદિન મોંઘી બનાવી રહ્યા છે. શિયાળા દરમિયાન પ્રમાણમાં સસ્તી બનેલી શાકભાજી હવે ઉનાળો શરૂ થતાં જ મોંઘી બનવા લાગી છે. સામગ્રીના ઉત્પાદન બાદ જે ચીજવસ્તુની સિઝન આવે તે જ સમયે તેમાં ભાવ વધારો થઈ જતો હોવાનું અનુમાન ગૃહિણીઓએ કરી કૃત્રિમ તેજી પેદા કરી જંગી નફો રળવાની પ્રવૃત્તિ થતી હોવાનો બળાપો કાઢી રહી છે. શાકભાજીમાં માંડ કાબુમાં આવેલા ભાવો હાલમાં ઉછળી ગયા છે. શાકભાજીના અવેજમાં વપરાતુ કઠોળ તો તેના સર્વોચ્ચ ભાવ દર્શાવી રહ્યુ છે જયારે રસોઈને સ્વાદિષ્ટ બનાવતા મસાલા તેની સિઝન આવતાં જ ભાવમાં જંગી વધારો લઈને જ આવ્યા છે. આમ ભોજનની થાળી વધુ કડવી અને સામાન્ય માણસ માટે આકરી બની છે.





(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

શાકભાજી, કઠોળ અને મસાલા મોંઘા બનતા ગૃહિણીઓએ ભોજન પર કાપ મુકવાની ફરજ પડી છે.

જીવન જરુરી ચીજવસ્તુઓમાં થઈ રહેલો ભાવ વધારો સામાન્ય માનવી માટે જીવવું મુશ્કેલ કરી રહ્યો છે.જીવન ટકાવી રાખવા જરુરી એવું ભોજન ભાવ વધારાનો રાક્ષસ હજમ કરી રહ્યો છે. રસોઈ માટેની તમામ સામગ્રીમાં અસહ્ય ભાવ વધારો ગૃહિણીઓ માટે માથાનો દુઃખાવો બની ગયો છે. શાકભાજી, કઠોળ અને રસોઈને સ્વાદિષ્ટ બનાવતા મસાલાના ભાવો અનહદ રીતે વધી ગયા છે. જેથી દૈનક રસોઈ ઉપર ગૃહિણીઓએ સંયમવર્તી બગાડ ન થાય તેની કાળજી રાખી બજેટને સમતોલ કરવાના મરણીયો પ્રસાય શરુ કર્યો છે. જો કે કુદરતી રીતે વાતાવરણમાં થયેલા ફેરફારો આ ચીજવસ્તુઓની પેદાશમાં અવરોધ પેદા કરતાં માલ કરતાં માંગમાં વધારો થતાં ભાવો બેકાબુ બન્યા હોવાનું વેપારી વર્ગ જણાવી રહ્યો છે.

ભોજનમાં ઉપયોગી

ભડકે બળતા ભાવથી દાઝેલા લોકોએ ખરીદીમાં કાપ મુકી દીધો છે. લોકોના પેટ ઉપર તરાપ સમાન આ ભાવો ગરીબ લોકોને બે ટંક રોટલાથી વંચિત બનાવશે તેવી દહેશત પણ વ્યકત થઈ રહી છે. ગૃહિણીઓએ સિઝનમાં ભરી લેવાતા મસાલાને પણ જરુર મુજબ લાવવાની માનસિકતા કરી લીધી છે.જો કે ડિઝલના ઘટેલા ભાવ તથા જંગી ઉત્પાદન છતાં બેકાબુ બનેલા ભાવો માટે કુદરતી પ્રકોપને જવાબદાર ઠેરવતો વેપારી વર્ગ મંદીનો માર સહન કરી રહ્યો છે. પરંતુ આ બેકાબુ ભાવો વાયદાના વેપાર થકી જ થતાં હોવાનું બુધ્ધીજીવી વર્ગ માની રહ્યો છે.

### કઠોળના ભાવ

| | |
|---|---|
| મગ /મગની દાળ | ૮૫-૧૦૦ |
| મઠ તથા મઠની દાળ | ૬૫-૮૦ |
| અડદ/અડદની દાળ | ૭૦-૮૫ |
| તવેર/તુવેરનીદાળ | ૯૫-૧૨૦ |
| ચોળા/ચોળાની દાળ | ૫૦-૬૦ |
| ચણા/ચણાની દાળ | ૪૫-૫૫ |
| રાજમા | ૮૫ |

### મસાલાના ભાવ

| મસાલા | ૧ કિલોના |
|---|---|
| મરચું | ૧૫૦ |
| હળદર | ૧૪૦ |
| ધાણા | ૨૦૦ |
| જીરૂ | ૨૦૦ |
| રાઈ | ૭૦ |
| મેથી | ૮૦ |
| અજમો | ૧૮૦ |

### શાકભાજીના ભાવ

| શાક | ૧ કિલોના |
|---|---|
| ભીંડા | ૧૨૦ |
| ગવાર | ૧૧૦ |
| ચોળી | ૧૨૦ |
| દુધી | ૧૦૦ |
| ટીંડોળા | ૮૦ |
| કોબી | ૮૦ |
| ફલાવર | ૮૦ |

# સે-૨૧ માં ફુવારાના સ્થાને હવે પાર્કીંગ બનશે

## શોપિંગ વિસ્તારમાં પાર્કીંગ માટે જગ્યા ખુલ્લી કરવાનો નિર્ણય લેવાયો

ગાંધીનગર, તા.૬

સે-૨૧ ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરમાં બંધ ફુવારના સ્થાને હવે પાર્કીંગ બનાવવાનું કામ હાથ ધરવામાં આવશે. અગાઉ ફુવારા પુનઃ શરુ કરવાની વિચારણાના અંતે વિભાગ દ્વારા આ ઠેકાણે પાર્કીંગ નિર્માણ કરવાનો નિર્ણય કરી દેવાયો છે.

સે-૨માં શોપિંગ વિસ્તારની રોનક નિખારવા દાયકા પૂર્વે રંગબેરંગી ફાઉન્ટેઈન શરુ કરવામાં આવ્યા હતા લાખોના ખર્ચે ફુવારાનું નિર્માણ કરાયા બાદ ટુંકા સમયગાળામાં જ ફુવારાના સ્થાને ગંદકી ખદબદતી જોવા મળતી હતી. બીજી તરફ સમયાંતરે ફાઉન્ટેઈનની જાળવણી યોગ્ય રીતે ન થતા ફુવારાની રોનક ઓસરી ગઈ હતી. જગ્યાના અભાવ વચ્ચે સ્થિત શોપિંગ વિસ્તારાં બંધ ફુવારાના લીધે ગંદકી અને પાર્કીંગ સહીતની સમસ્યાઓ ઉદભવી હતી. જયારે ફુવારાના સ્થાનેથી કીંમતી નોઝલ સહીતની સામાનની પણ ચોરી થઈ ગઈ હતી.

આવા સંજોગોમાં ફુવારા શરૂ કરવાનું પણ તંત્ર માટે ચેલેન્જરૂપ બન્યું હતું. વાઈબ્રન્ટ પૂર્વે શહેરી વિકાસ વિભાગના અગ્રસચિવે પણ આ વિસ્તારની મુલાકાત લઈ જરુરી સુચના આપી હતી. આખરે વિભાગ કક્ષાએથી પણ આ સ્થળેથી ફુવારા દૂર કરી કાયમી ધોરણે જગ્યા ખુલ્લી કરી પાર્કીંગ બનાવી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આગામી ચોમાસા પૂર્વે પાર્કીંગનું કામ પૂર્ણ કરી દેવાશે.



ભાજપ સ્થાપના દિવસ - ભાજપના સ્થાપના દિવસની ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા ભારે ધામધૂમથી ઉજવણી કરાઈ હતી... મહાનગરના દરેક વૉર્ડમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. સેક્ટર-૧૨ના આંબેડકર હૉલ ખાતે ૩૬ કિલોની કેક કાપી કાર્યકરોએ ભાજપનો સ્થાપના દિવસ ઉજવ્યો હતો. (તસવીર : દિપક જાની)

# પાણી-ગટરના ડીવીઝનમાં નિવૃત્તિના દૌર બાદ અધિકારીઓની જગ્યા ખાલી

## એક કાર્યપાલક ઈજનેર અને બે નાયબ કાર્યપાલકના આધારે સમગ્ર તંત્ર ચાલે છે! મોટાભાગની જગ્યાઓ ચાર્જમાં

ગાંધીનગર, તા.૬

શહેરમાં પાણી-ગટરના મહત્વના કામોની જવાબદારી સંભાળતા પાટનગર યોજના ભવનના વિભાગ-૩માં નિવૃત્તિના દૌર બાદ મેનપાવરનો ભારોભાર અભાવ વર્તાય છે. હાલ સમગ્ર તંત્ર કાર્યપાલક ઈજનેર અને બે ડેપ્યુટી એન્જિનિયરના આધારે ચાલે છે. નાયબ કાર્યપાલક ઈજનેરોની જગ્યા ચાર્જમાં છે. આવા સંજોગોમાં પ્રજાલક્ષી કામોને વેગ આપવાનું પણ મુશ્કેલ બન્યું છે. મેનપાવરના અભાવે જવાબદાર અધિકારીઓનો શિરદર્દ વધ્યો છે.

ગાંધીનગરમાં પાણી-ગટરની આવશ્યક સેવાઓની જરૂરીયાતને અનુલક્ષી દાયકાઓ પૂર્વે આયોજન કરવામાં આવ્યું હતું. જયારે શહેરની વસતી અને વિકાસને ધ્યાને લઈ આ વ્યવસ્થાને અપગ્રેડ પણ કરવામાં આવી છે. પરંતુ પાણીના મામલે છાશવારે સેકટરોમાં ફરિયાદો ઉઠતી રહે છે આ ઉપરાંત વર્ષો જૂની ગટરલાઈનને પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. આવા સંજોગોમાં વધતી કામગીરીની સાથે મેનપાવરનો અભાવ વર્તાતા જરુરી કામોમાં ગતિ લાવવાનું પણ તંત્ર માટે મુશ્કેલ બની રહ્યું છે. વિભાગ-૩ના પેટા વિભાગ-૧૯માં યાંત્રિકની જગ્યા છેલ્લા બે વર્ષથી ખાલી છે. દહેગામ તાલુકાના રસ્તાઓ સહીતની કામગીરી સંભાળતા પેટા વિભાગ-૧૧ અને ૧૨માં ગત ઓકટોબર મહિનાથી નાયબ કાર્યપાલક ઈજનેરની જગ્યા ખાલી છે. પેટા વિભાગ-૧૦ પણ ગત માર્ચ મહિનાથી ચાર્જમાં છે. પેટા વિભાગ-૯ પણ એપ્રિલ મહિનાથી ચાર્જમાં છે. છેલ્લા બે ત્રણ મહિનામાં પાણી-ગટર વિભાગમાં નિવૃત્તિના દૌર બાદ હાલ મેનપાવરનો અભાવ વર્તાય છે. કાર્યપાલક ઈજનેર અને બે નાયબ કાર્યપાલક ઈજનેરના માથે સમગ્ર તંત્રનો કાર્યભાર છે.

# ધોરણ-૧૧માં ભૌતિક વિજ્ઞાનનું પેપર પણ સરળ

## ૨૯ વિદ્યાર્થીઓ ગેરહાજર : દાખલો અને થિયરી સરળ પુછાયા : વિદ્યાર્થીઓને હાંશ

ગાંધીનગર, તા.૬

ધો-૧૧ વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૨ની પરીક્ષામાં આજે ભૌતિકશાસ્ત્રનું પેપર સરળ અને પાઠયપુસ્તક આધારિત હોવાથી વિદ્યાર્થીઓએ રાહતની લાગણી અનુભવી હતી. ૧૨ ગુણના સાબિતિવાળા અને ૧૭ ગુણના ગણતરીવાળા દાખલા પુછાયા હતા. જિલ્લામાંથી ૨૯ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

ધો-૧૧ વિજ્ઞાનપ્રવાહમાં સેમેસ્ટર-૨ની પરીક્ષા દરમિયાન કેમેસ્ટ્રી, બાયોલોજીના પેપર બાદ ફીઝીકસનું પ્રશ્નપત્ર પણ વિદ્યાર્થીઓ માટે અત્યંત સરળ પુરવાર થયું હતું. વિષય નિષ્ણાંત બલવંતસિંહ એલ. રાજપૂતે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ભૌતિકશાસ્ત્રનું પેપર પાઠયપુસ્તક આધારિત અને સરળ હતું. ૫૦ ગુણના એમ.સી.કયુ. પૈકી ૨૯ ગુણના પ્રશ્નો પાઠયપુસ્તકના જ હતા જયારે થિયરી પણ સરળ પુછાઈ હતી. અકંદરે પેપર સરળ હોવાથી વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો જિલ્લામાંથી ૫૮૬૯ વિદ્યાર્થીઓ પૈકી ૫૮૪૦ પરીક્ષામાં હાજર રહ્યા હતા જયારે ૨૯ પરીક્ષાર્થીઓની હાજરી ઘટી હતી. પરીક્ષા દરમિયાન જિલ્લામાં એક પણ કોપી કેસ નોંધાયો ન હોવાનું પણ શિક્ષણ તંત્રએ જણાવ્યું છે. ધો-૧૧ વિજ્ઞાનપ્રવાહમાં હવે માત્ર ભાષા વિષયની પરીક્ષા જ બાકી રહી હોવાથી વિદ્યાર્થીઓ પણ હળવા બન્યા છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# વિશ્વ આરોગ્ય દિવસ

સ્વસ્થ ગુજરાત - સબળ ગુજરાત



શ્રી નરેન્દ્રભાઇ મોદી
માન. વડાપ્રધાનશ્રી, ભારત



શ્રીમતી આનંદીબેન પટેલ
માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

## રાજ્ય સરકારની આરોગ્યલક્ષી કાર્યક્રમોની નવી પહેલ

- **ડાયાબીટીસ સ્ક્રીનીંગ અભિયાન**
  પેટા આરોગ્ય કેન્દ્રથી શરૂ કરીને જિલ્લા કક્ષાની હોસ્પિટલો તથા મેડિકલ કોલેજની હોસ્પિટલોમાં વિનામૂલ્યે ડાયાબીટીસની ચકાસણી માટેની સમગ્ર રાજ્યમાં વ્યવસ્થા
- **સર્વાઇકલ અને સ્તન કેન્સરનું સ્ક્રીનીંગ અભિયાન**
  મહિલાઓનાં સર્વાઇકલ કેન્સર તથા સ્તનના કેન્સર અંગે વહેલા નિદાન માટે જાહેર આરોગ્ય વ્યવસ્થા દ્વારા સ્વતપાસ અને નિદાન
- **ઓરલ હેલ્થ માટેનું સ્ક્રીનીંગ અભિયાન**
  મોંના, દાંતના રોગો અને તમાકુથી થતા કેન્સરની વહેલા નિદાનની વ્યવસ્થા
- **કલેફટ લીપ અને કલેફટ પેલેટ ફ્રી ગુજરાત અભિયાન**
  જન્મથી ચીરાયેલા હોઠ તથા તાળવાથી ગ્રસ્ત બાળકોની ઓપરેશન સહિતની સર્વગ્રાહી સારવાર
- **મિશન ઇન્દ્રધનુષ**
  તમામ બાળકોના સંપૂર્ણ રસીકરણની ઝુંબેશ

## વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમોનું લોકાર્પણ

માન. મુખ્યમંત્રીશ્રી **શ્રીમતી આનંદીબેન પટેલ** ના વરદ્ હસ્તે

મુખ્ય મહેમાનશ્રી

**શ્રી નીતિનભાઇ પટેલ** માન. મંત્રીશ્રી, આરોગ્ય

અતિથિ વિશેષશ્રી

**શ્રી શંકરભાઇ ચૌધરી** માન. મંત્રીશ્રી, (રાજ્યકક્ષા), આરોગ્ય


**શ્રી પ્રદિપસિંહ જાડેજા** માન. મંત્રીશ્રી, (રાજ્યકક્ષા), કાયદો અને ન્યાયતંત્ર



**શ્રી નીતિનભાઇ પટેલ**
માન. મંત્રીશ્રી
આરોગ્ય, તબીબી શિક્ષણ, પરિવાર કલ્યાણ, માર્ગ અને મકાન, પાટનગર યોજના, ગુજરાત રાજ્ય

**તારીખ** : ૭ એપ્રિલ, ૨૦૧૫ | **સવારે**:૧૦.૦૦ કલાકે
**સ્થળ** : કામા હોલ, ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ

મિશન ઇન્દ્રધનુષ
समझदारी दिखाएँ! अपने बच्चे का सम्पूर्ण टीकाकरण करवाएं



**શ્રી શંકરભાઇ ચૌધરી**
માન. મંત્રીશ્રી (રાજ્યકક્ષા)
આરોગ્ય અને પરિવાર કલ્યાણ, વાહન વ્યવહાર, શહેરી ગૃહ નિર્માણ, (સ્વતંત્ર હવાલો) ગુજરાત રાજ્ય

**મુખ્યમંત્રી અમૃતમ્ યોજના અંતર્ગત ૪૧.૩૮ લાખ બી.પી.એલ. પરિવારો તેમજ મા વાત્સલ્ય યોજના અન્વયે રૂા.૧,૨૦,૦૦૦/- સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારના તમામ સદસ્યોને ગંભીર બીમારીઓ માટે વાર્ષિક રૂા.૨,૦૦,૦૦૦/- સુધીની સુપર સ્પેશીયાલીસ્ટ હોસ્પિટલોમાં મફત સારવાર**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com